# અંતે ટીડીપી એનડીએમાં જોડાયું

હૈદરાબાદ,તા. ૬

લોકસભાની ચૂંટણી પહેલા ભાજપને આજે મોટી રાહત મળી હતી. કારણ કે ભાજપ સાથે હાથ મિલાવવા માટે ટીડીપીએ તૈયારી દર્શાવી હતી. ભાજપ અને ટીડીપી દ્વારા આંધ્રપ્રદેશ અને તેલંગાણ બન્નેમાં આગામી ચૂંટણી માટે ચૂંટણી જોડાણની જાહેરાત કરવામાં આવી હતી. એનડીએના પરિવારમાં હવે સભ્યોનો ઉમેરો થઈ રહ્યો છે. ટીડીપી એનડીએમાં સામેલ થતા દક્ષિણ ભારતમાં પણ ભાજપની સ્થિતી મજબુત બની રહી છે. ટીડીપીના વડા ચન્દ્રાબાબુ નાયડુએ ભાજપના નેતાઓ અને અકાળી દળના નેતાઓની હાજરીમાં એનડીએમાં ફરી સામેલ થવાની જાહેરાત કરી હતી. નવી વ્યવસ્થા હેઠળ ભાજપ તેલંગાણામાં લોકસભાની સાત અને વિધાનસભાની ૪૭ બેઠકો પર ચૂંટણી લડશે. આવી જ રીતે સીમાન્ધ્રમાં લોકસભાની પાંચ અને વિધાનસભાની ૧૫ બેઠક પર ચૂંટણી લડશે. ભાજપના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે સમજુતી થઈ ચુકી છે. યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણી માટે સમજુતી મહત્વપૂર્ણ છે. નવી સમજુતી મુજબ મોટી પ્રાદેશિક પાર્ટી તરીકે ટીડીપી તેલંગાણામાં લોકસભાની ૧૦ અને વિધાનસભાની ૭૨ બેઠક પર ચૂંટણી લડશે. આવી જ રીતે સીધાન્ધ્રમાં લોકસભાની ૨૦ અને વિઘાનસભાની ૧૬૦ બેઠક પર ચૂંટણી લડશે. અત્રે ઉલ્લેખનીય છે કે તેલંગાણામાં વિધાનસભાની ૧૧૯ અને લોકસભાની ૧૭ બેઠકો પર ચૂંટણી ૩૦મી એપ્રિલના દિવસો યોજાનાર છે. જ્યારે સીધાન્ધ્રમાં વિધાનસભાની ૧૭૫ અને લોકસભાની ૨૫ બેઠકો માટે ચૂંટણી સાતમી મેના દિવસે યોજાશે. શનિવારે રાત્રે જ સમજુતી અંગે વાતચીત થઈ ગઈ હતી. ભાજપ અને ટીડીપીના ટોચના નેતાઓની દરમિયાનગીરી બાદ આ સમજુતી થઈ છે. એક તબક્કે સમજુતી થશે નહી તેમ લાગી રહ્યું હતું. ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા પ્રકાશ જાવડેકર, અકાળી નેતા નરેશ ગુજરાલ, ભાજપના ખજાનચી પિયુશ ગોઈલ, આરએસએસના સતીશ જી દ્વારા એક હોટેલમાં ટીડીપીના નેતાઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. ટીડીપીના નેતાઓ ખુબ સંતુષ્ટ દેખાયા હતા. શનિવારે જાવડેકર ટીડીપીના વડા એન. ચન્દ્રબાબુ નાયડુને બે વખત મળ્યા હતા. ટીડીપી શરૂઆતમાં તેલંગણામાં ભાજપને લોકસભાની સાત અને વિધાનસભાની ૪૦ થી વધારે બેઠકો આપવા ઈચ્છુક ન હતી. આવી જ રીતે સીમાન્ધ્રમાં પણ તે લોકસભાની ચાર અને વિધાનસભાની ૧૫ બેઠકો આપવા તૈયાર ન હતી. પરંતુ હવે સમજુતી થઈ ચુકી છે.



## બિહારમાં વિસ્ફોટકોનો જંગી જથ્થો કબ્જે કરાયો

### ૬૩ બૉંબ અને વિસ્ફોટકો મળ્યા : લોકસભાની ચૂંટણી પૂર્વે દરોડાની કાર્યવાહી

ભાગલપુર,તા. ૬

લોકસભાની ચૂંટણી શરૂ થાય તે પહેલા બિહારમાં શસ્ત્ર અને દારુગોળાનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. બિહારના ભાગલપુરમાં ચોક્કસ બાતમીના આધાર પર પાડવામાં આવેલા દરોડા દરમિયાન ૬૩ બોમ્બ અને પાંચ કિલોગ્રામ વિસ્ફોટક સામગ્રી કબજે કરવામાં આવી છે. ભાગલપુરના પોલીસ અધિકારી રાજેશકુમારે માહિતી આપતા કહ્યું છે કે, ચૂંટણી પહેલા ચાલી રહેલી સુરક્ષા કવાયતના ભાગરુપે આ દરોડા પાડવામાં આવ્યા હતા. ગેંગસ્ટર શંભુ મંડળ અને તેના સાગરીતો પાર્વતી મોહલ્લામાં છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ આ સમગ્ર દરોડા પાડવામાં આવ્યા હતા. અલબત્ત શંભુ અને કનુ મંડળ દરોડા દરમિયાન ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા પરંતુ તેમના બે સાગરીત દિપક મંડળ અને ટિન્કુ મંડળ હથિયારો અને બોંબ સાથે ઝડપાઈ ગયા હતા. ઝડપાયેલા બંને શખ્સોની આકરી પુછપરછ હાથ ધરવામાં આવી ચુકી છે. એવી જાણવા મળ્યું છે કે, આ ટોળકી લોકસભાની ચૂંટણી પહેલા બોંબ અને અન્ય વિસ્ફોટકો અપરાધીઓને વેચી મારવાની તૈયારીમાં હતી. પોલીસે સમયસર મોટી માત્રામાં વિસ્ફોટકો અને બોંબ પકડી પાડીને મોટી ઘાત ટાળી દીધી છે. હજુ બિહારના ઘણા સંવેદનશીલ વિસ્તારોમાં લોકસભાની ચૂંટણીના ભાગરુપે સુરક્ષા ઝુંબેશ ચાલુ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## ભાજપ સરકાર મહિલાઓના ફોન ટેપ કરે છે : રાહુલ ગાંધી

### રાહુલે એએપીના નેતા અરવિંદ કેજરીવાલની પણ જોરદાર ઝાટકણી કાઢી : કેજરીવાલની પાર્ટી વચન આપીને ફરાર

નવીદિલ્હી,તા. ૬

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપર પ્રથમ વખત તેજાબી પ્રહારો કર્યા હતા અને ફોન ટેપિંગનો મુદ્દો ઉઠાવ્યો હતો. ગુજરાતમાં મહિલા જાસુસી કાંડનો મુદ્દો ઉઠાવીને રાહુલે જોરદાર ઝાટકણી કાઢી હતી. સિરસામાં રાહુલે કહ્યું હતું કે, ગુજરાતમાં મહિલાઓના ફોન ટેપ થાય છે. અમારી સરકાર મહિલાઓના ફોન ટેપ કરતી નથી. દિલ્હીના દક્ષિણપુરી રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રાહુલે આ રેલીમાં આમ આદમી પાર્ટી ઉપર પણ પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ લોકોને ખોટા વચન આપ્યા હતા અને આ વચનો પાળવાના બદલે સરકારમાં રહેલા લોકો અધવચ્ચે જ ભાગી ગયા હતા. રાહુલે કહ્યું હતું કે, ગુજરાતમાં મહિલાઓની પાછળ પોલીસ મુકવામાં આવે છે. ભાજપના પોસ્ટર કહે છે કે, મહિલાઓને અમે શક્તિ આપીશું. કોંગ્રેસના ઘોષણાપત્રને છેતરપિંડી તરીકે ગણાવનાર મોદી અને ભાજપ ઉપર રાહુલે આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, અમારા ચૂંટણી ઢંઢેરામાં જે કંઈ પણ મુદ્દાઓ છે તે ભાજપના લોકો જ દર્શાવી રહ્યા છે. ભાજપે હજુ સુધી ચૂંટણી ઢંઢેરો જારી કર્યો નથી. આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલ ઉપર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, જે લોકો દિલ્હીને ચલાવી રહ્યા હતા તે લોકો દિલ્હી છોડીને ભાગી ગયા છે. કેટલાક લોકો ઉત્તરપ્રદેશ જતા રહ્યા છે જ્યારે કેટલાક લોકો અન્યત્ર જતા રહ્યા છે. રાહુલે આજે બે બેઠકો સંબોધી હતી. સૌથી પહેલા હરિયાણામાં સિરસામાં અને ત્યારબાદ નવી દિલ્હીમાં બેઠકને સંબોધીત હતી. હરિયાણાના સિરસામાં રાહુલે ભ્રષ્ટાચારના મુદ્દા ઉપર બેવડા માપદંડ અને સાંપ્રદાયિકતાના આધાર પર સમાજને વિભાજિત કરવાના પ્રયાસ કરવાનો ભાજપ ઉપર પ્રહાર કર્યો હતો. રાહુલે કહ્યું હતું કે, કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પાને ફરીથી ભાજપમાં સામેલ કરવામાં આવ્યા છે. સિરસામાં અશોક તંવરના પ્રચાર અર્થે રાહુલ પહોંચ્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે, મોદી કર્ણાટકમાં જઈને મોટા મોટા ભાષણ આપે છે પરંતુ જેલમાં રહી ચુકેલા યેદીયુરપ્પાને મંચ ઉપર બોલાવે છે અને ત્યારબાદ ભ્રષ્ટાચાર સામે લડવાની વાત કરે છે. ગુજરાત મોડલની વાત કરતા રાહુલે કહ્યું હતું કે, આ ગેસના ફુગ્ગા સમાન છે જે ચૂંટણી બાદ ફુટી જશે.

## વારાણસીમાં મોદીને હરાવવા બિનસાંપ્રદાયિક મોરચો રચાયો

નવી દિલ્હી,તા. ૬

ખૂબ જ પ્રતિષ્ઠિત બનેલી વારાણસી બેઠક માટે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે કોંગ્રેસ દ્વારા હજુ સુધી ઉમેદવારની જાહેરાત કરવામાં આવી નથી જેથી એવી ચર્ચા પણ છે કે નરેન્દ્ર મોદીની સામે બિનસાંપ્રદાયિક મોરચો તૈયાર કરવામાં આવી રહ્યો છે. મોદીને વધુમાં વધુ નુકસાન થાય તે હેતુસર ગણતરીના ભાગરૂપે જ કોંગ્રેસે હજુ સુધી પોતાના ઉમેદવારની જાહેરાત કરી નથી. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે મોદી સામે બિનસાંપ્રદાયિક પક્ષોની અંદર એક સમજૂતી થઈ ચૂકી છે જેના ભાગરૂપે આ તમામ મત વિભાજિત ન થાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. એકબાજુ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી દ્વારા તેમના ઉમેદવારોની જાહેરાત કરી દેવામાં આવી છે પરંતુ કોંગ્રેસ પાર્ટી દ્વારા હજુ સુધી ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવ્યા નથી. કોંગ્રેસ મોદી માટે જટિલ સમસ્યા ઊભી કરવાની યોજના ધરાવે છે. મોદીને મુશ્કેલી નડે તે માટે જ આ બેઠક માટે ઉમેદવારની જાહેરાત કોંગ્રેસ દ્વારા હજુ સુધી કરાઈ નથી. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસની પસંદગી બે ઉમેદવારો ઉપર છે જેમાં અજય રાય અને ભૂતપૂર્વ સાંસદ રાજેશ મિશ્રાનો સમાવેશ થાય છે. એવા સંકેત પણ મળી રહ્યા છે કે કોંગ્રેસ આ બેઠકને લઈને વધારે ગંભીર નથી. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીના ઉમેદવારો કોંગ્રેસ કરતા વધારે મજબૂત સાબિત થઈ શકે છે. બીજી બાજુ એએપીના નેતા અરવિંદ કેજરીવાલ પણ અહીંથી મેદાનમાં છે.

બિનભાજપ પક્ષો મોદી સામે સંયુક્ત ઉમેદવાર ઉતારવાની હાંકલ કરી ચૂક્યા છે. આવનાર દિવસોમાં કોંગ્રેસ આ બેઠક પરથી પોતાના ઉમેદવારની જાહેરાત કરશે કે કેમ તેને લઈને ચર્ચા ચાલી રહી છે. વારાણસીમાંથી ચૂંટણી લડવાની ઈચ્છા કોંગ્રેસના કેટલાક નેતાઓ વ્યક્ત કરી ચૂક્યા છે જેમાં દિગ્વિજયસિંહનો સમાવેશ થાય છે પરંતુ કોંગ્રેસે હજુ સુધી અંતિમ નિર્ણય કર્યો નથી. બિન ભાજપ પક્ષો અને એએપીના નેતાઓ મોદીને હાર આપવા માટે તમામ પ્રયાસમાં લાગેલા છે પરંતુ મોદીની સ્થિતિ ખૂબ મજબૂત દેખાઈ રહી છે.

## ટ્યુશન ફીમાં ૨૦ ટકા સુધી આઈઆઈએમ કોલકાતા દ્વારા વધારો

કોલકાતા,તા. ૬

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (કોલકાતા)માં અભ્યાસ કરવાની બાબત આગામી શૈક્ષણિક સત્રથી વધારે મોંઘી થઈ જશે. કારણ કે આ અગ્રણી સંસ્થાએ તેના બે વર્ષના ડિપ્લોમાં પ્રોગ્રામ માટે ટ્યુશન ફીમાં જંગી વધારો કરી દીધો છે. ટ્યુશન ફીમાં આશરે ૨૦ ટકાનો વધારો કરવામાં આવતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ચિંતાનું મોજું ફળી વળ્યું છે. બે વર્ષના ડિપ્લોમાં પ્રોગ્રામ માટેની ફી ૧૩.૫ લાખથી વધારીને ૧૬.૨ લાખ કરી દીધી છે. જીમેટની પરિક્ષા આપીને પીડીએમ કોર્ષમાં પ્રવેશ લેનાર વિદેશી વિદ્યાર્થીઓને હવે ૫૦૦૦૦ ડૉલર અથવા તો ૩૦૦૦૦૦૦ની રકમ ચૂકવવી પડશે. આઈઆઈએમસીના ચેરમેન અજીત બાલાકૃષ્ણને કહ્યું છે કે લાંબાગાળા બાદ ફીમાં વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર વર્ષથી આની અમે રાહ જોઈ રહ્યા હતા. હવે ફીમાં વધારો કરવામાં આવ્યો છે. આઈઆઈએમ-સીએ આ વર્ષે ફીમાં ૨૦ ટકાનો વધારો કર્યો છે. આ સંસ્થા નફા ઉપર ચાલે છે.

અન્ય આઈઆઈએમ કરતા ૧૫ ટકા વધારે રકમ પડેલી છે. સમગ્ર નાણાંનો ઉપયોગ વધારે સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વિદ્યાર્થીઓના વિકાસ માટે ખર્ચ કરવામાં આવે છે. આ સંસ્થાના ડિરેક્ટર સાઈબલ ચટોપ્પાઘ્યાએ કહ્યું છે કે છેલ્લા થોડાક વર્ષોમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપમાં વધારો કરવામાં આવ્યો છે. દર વર્ષે સ્કોલરશીપમાં પાંચ કરોડ રૂપિયાની રકમ ખર્ચ કરવામાં આવી રહી છે. નબળા બેકગ્રાઉન્ડ ધરાવતા વિદ્યાર્થી માટે ફી માફીની પણ વાત થયેલી છે. આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ઘણી રાહતો પણ આપવામાં આવી છે.

## મુસ્લિમોને ગેરમાર્ગે દોરવાનો સોનિયા, મુલાયમ પર આક્ષેપ

અલીગઢ,તા. ૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રવિવારે ભારત વિજય રેલીના ભાગરુપે ઝંઝાવતી પ્રચારનો દોર ઉત્તરપ્રદેશમાં જારી રાખ્યો હતો. ઉત્તરપ્રદેશના અલીગઢ અને અન્ય વિસ્તારોમાં આક્રમક ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ ધારણા પ્રમાણે જ કેન્દ્રની યુપીએ સરકાર અને ઉત્તરપ્રદેશમાં મુલાયમ સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. અલીગઢમાં મોદીએ સોનિયા ગાંધી અને મુલાયમસિંહ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, વોટબેંકની રાજનીતિમાં આ બંને ડુબેલા છે અને બિનસાંપ્રદાયિક વાદના નામ ઉપર મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષના ગાળામાં સોનિયા ગાંધીની નાક નીચે ૭૦૦ જેટલા કોમી રમખાણો થઈ ચુક્યા છે જ્યારે ઉત્તરપ્રદેશમાં નેતાજી હેઠળ ૨૫૦થી વધુ કોમી રમખાણો થઈ ચુક્યા છે. કોમી રમખાણોના નામ ઉપર કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી દ્વારા મુસ્લિમોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. અલીગઢમાં વિશાળ રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, હાલના ભાષણમાં મેડમ સોનિયાજીએ દેશમાં ૯૦ મુસ્લિમ વર્ચસ્વવાળા જિલ્લાઓને વિકાસ માટે પસંદ કર્યા હોવાની વાત કરીને ૧૫ મુદ્દાનો કાર્યક્રમ તૈયાર કર્યો હતો જે પૈકીના ૧૫ જિલ્લા ઉત્તરપ્રદેશના પણ હતા પરંતુ જ્યારે આ પ્રોજેક્ટ હેઠળ કામ અંગે એક પ્રધાને પ્રશ્ન કર્યો ત્યારે સોનિયા ગાંધીની યુપીએ સરકારે કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષના ગાળામાં એક રૂપિયો પણ ખર્ચ કરવામાં આવ્યો નથી. મુસ્લિમો અને લોકોને ગેરમાર્ગે દોરવાનો આજ જીવંત દાખલો છે. મોદીએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી વોટબેંકની રાજનીતિ રમે છે અને બિનસાંપ્રદાયિકવાદના ગાણા ગાવે છે. વાત કરીને તેઓએ માત્ર લોકોને ગેરમાર્ગે દોર્યા છે. તેમની નીતિ હંમેશા ગરીબ લોકોને ગરીબ રાખવાની રહી છે. તેમની નીતિઓ મારફતે તેમને ગરીબ રાખવા આ લોકો ઈચ્છુક છે. ભાજપના નેતાએ કહ્યું હતું કે, ગુજરાતમાં તેમના શાસન હેઠળ મુસ્લિમોની સ્થિતિ અન્ય કોઈપણ બિન ભાજપ રાજ્યો કરતા સારી છે. કેન્દ્ર સરકારનો આંકડો દર્શાવે છે કે, શહેરી મુસ્લિમોમાં ૫૦ ટકા ગરીબ લોકો ઉત્તરપ્રદેશમાં છે. બિહારમાં આ આંકડો ૬૦ ટકાનો છે જ્યારે ગુજરાતમાં આ આંકડો માત્ર ૧૪ ટકાનો છે. મોદીએ વિદેશી બેંકોમાં પડેલા કાળા નાણાને પરત લાવવાની પણ વાત કરી હતી. જો અમે સત્તા ઉપર આવીશું તો કાળા નાણાને પરત લાવવામાં આવશે અને ગરીબોના કલ્યાણ માટે આ રકમ ખર્ચ કરવામાંઆવશે.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં.૪નું ચાલુ...)

શકાય એવી, આપણામાં મૂગું રૂદન જન્માવી દે એવી છે. આ તો થોડા દઝાડી નાખનારા તેજાબ છાંટણાં છે.

પણ હોય, કશો વાંધો નહિ. એમ... એમ દ્રવી જવાની જરૂર નથી. સત્ય સ્વીકારવું જ રહ્યું. કોઈ કોઈના સંજોગ એવા હોય છે કે જે એને ઉગતી જુવાનીમાં જ નોકરીની અંધારી કોટડીમાં પુરી દે. કોઈ શું કરે? દયા ખાધેય શું વળે? પણ એક વાત કોઈ રાતે ચલાવી ન લેવાય, એમના પર થતી ક્રૂરતા ચલાવી ન લેવાય. વધુ રકમના વાઉચરમાં સહી લઈ ઓછો પગાર આપે, તક છે વધારે કલાક કામ કરાવે! હા, હા, ઠીક છે. રજા ન આપે! નોકરી કોને કહે?

પણ બેસવાનું ન આપે?

એય સાત - સાત કલાક સતત ઊભાં રહેવાનું! દુકાનમાં ગ્રાહક ન હોય ત્યારે પણ! ડિસિપ્લિનને નામે કે માલ બતાવવામાં ઝડપ ન આવે એ બહાને આ અમાનુષિતા? મનુષ્ય શરીરની રચના ઘોડાના શરીર જેવી નથી. શરીરનું વજન ચાર નહીં, બે પગ આવે છે. માણસ બે કલાક સતત ઉભા રહે તો ગુરૂત્વાકર્ષણને બળે પિંડીઓમાં અને પંજામાં લોહી જમાં થવા માંડે. તો સાત સાત કલાક અને એ પણ મહિમામાં પચ્ચીસ દિવસ ઉભા રહેવાથી શું થાય? પગના રોગ થાય. હૃદયના પમ્પ પર ભાર આવે. શરીરને કોઈ પણ દિશામાં જરા વાર ટેકવવાનું ન મળે તો સ્ત્રીના સ્વાસ્થ્ય પર કેવી ગંભીર અસરો થાય એનું ભાન છે આ નોકરી આપનારા કહેવાતા દેવદૂતોને?

આનો થાક નહીં, થાડોકો કહેવાય, જેની અસર તન-બદન પર તો ઠીક, મન પર પણ નડે. અરે, અધૂકડા બેસાય એવું ઊંચુ સ્ટૂલ તો આપો! પણ ના! આ જીવતી કેદ છે! જૂના જમાનામાં શિક્ષકો વિદ્યાર્થીઓને અડધો કલાક-કલાક ઊભા રહેવાની સજા કરતા, બેશક, કોઈને કલાકો લગી સતત ઊભું રાખવું એ અમાનવીય કૃત્ય છે.

આની સામે કયા કાયદાનો આશરો લઈ શકાય એની મને ખબર નથી. ઈલાબહેન ભટ્ટ, વસુબહેન, સોનલ શુક્લ જેવા બેહદ કન્સર્નવાળા વિચારે. બીજા સક્રિય પુરૂષો પણ કેમ ન વિચારે? એક વાર પોતાની દીકરી કે બહેનને આ જગ્યાએ કલ્પી જુઓ.

કાંઈક તો કરો! અમદાવાદમાં રોજના સાત કલાક ઊભા રહેવાની સજા ખમનારી સાત હજારથીય વધુ. મુંબઈમાં તો એકાદ લાખ જેટલી અને બીજે કોણ જાણે કેટલી એવી, પથ્થરની હોય એવી સ્ટેચ્યુ છે. જેનામાં પ્રાણ છે, પણ પ્રાણપ્રતિષ્ઠાથી એને જોજનો દૂર રાખવામાં આવે છે.

(સંદર્ભ : વુમન ગાર્ડિયનની પૂર્તિનાં આધારે)

**બીજી ઓક્ટોબરના દિવસે ફિલ્મ રજૂ કરવા તૈયારી**

## કેટરીના-પ્રિયંકાની ફિલ્મ એકસાથે રજૂ થઈ શકે છે

મુંબઈ, તા. ૬

બોલિવૂડની બે ટોચની અભિનેત્રી પ્રિયંકા ચોપડા અને કેટરીના કૈફની ફિલ્મો આ વર્ષે બોક્સ ઓફિસ ઉપર એક સાથે રજૂ થવા જઈ રહી છે. એકબાજુ સલમાન ખાનને લઈને એક થા ટાઈગર ફિલ્મ બનાવી ચૂકેલા કબીર ખાન સૈફ અલી ખાન અને કેટરીનાને લઈને ફેન્ટમ ફિલ્મ બનાવી રહ્યા છે. કેટરીના અને પ્રિયંકા બોક્સ ઓફિસ ઉપર આમને સામને આવી શકે છે. કેટરીના કૈફની ફિલ્મ બેંગ બેંગ પણ આ દિવસે રજૂ થનાર છે. એમ માનવામાં આવે છે કે બેંગ બેંગ ફિલ્મ હોલિવૂડની ફિલ્મ નાઈટ એન્ડ ડે ઉપર આધારિત છે. નાઈટ એન્ડ ડે ફિલ્મમાં ટોમ ક્રૂઝ અને કેમરુન ડાયઝે મુખ્ય ભૂમિકા ભજવી હતી. સિદ્ધાર્થ આનંદના નિર્દેશનમાં બની રહેલી બેંગ બેંગ ફિલ્મમાં કેટરીના કૈફની સાથે રિતીક રોશનને લેવામાં આવ્યો છે. બીજી બાજુ બોલિવૂડના જાણીતા ફિલ્મ નિર્દેશક સંજય લીલા ઓલિમ્પિક વિજેતા મેરીકોમની લાઈફ ઉપર મેરિકોમ ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મમાં પ્રિયંકા ચોપડા મેરીકોમની ભૂમિકા અદા કરી રહી છે.




આ ફિલ્મ પણ બીજી ઓક્ટોબરના દિવસે રજૂ કરનાર છે. રસપ્રદ બાબત એ છે કે કેટરીના અને પ્રિયંકા બંને માટે કોની ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર વધારે ધૂમ મચાવે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે. કેટરીના કૈફ બોલિવૂડમાં નંબર વન તરીકે છે જ્યારે પ્રિયંકા ચોપડાને પણ બોલિવૂડમાં મોટાભાગના નિર્માતા નિર્દેશકો નંબર વન અભિનેત્રી તરીકે ગણે છે. બંનેની ફિલ્મો બીજી ઓક્ટોબરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. જો કે નિર્માતા નિર્દેશકો તરફથી કોઈ વાત કરવામાં આવી નથી. બંને ફિલ્મોની તારીખો ખસેડવાને લઈને ફિલ્મ સાથે સંકળાયેલા લોકોએ કોઈ વાત કરી નથી જેથી ચાહકોને બે મોટી ફિલ્મ જોવા મળશે.

યે પબ્લીક હૈ,... (પાના નં.૪ નું ચાલુ...)

સંસ્થાઓ મતદારોને શિક્ષીત કરવાનો પ્રયાસ કરે છે. રાજકીય પક્ષોને કે ચૂંટણીના ઉમેદવારોને આ બધું જ ગમે તે સ્વાભાવિક છે તો બીજે પક્ષે મતદારો માટે આ માહિતીનું પુષ્કળ મૂલ્ય છે.

જાહેરસભાઓ ગજવતા નેતાઓ, શાહજાદા-સાહેબજાદા, ચાવાળા-ચાલીવાળા, એ.કે.૪૯ વાળા, મોતના સૌદાગર જેવા જાતભાતના આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરતા જ રહે છે અને સામાન્ય મતદારને ખરી વાતોથી, ખરી વિગતોથી વાકેફ કરવા બદલે સાદી ભાષામાં કહીએ તો 'બેવકૂફ' બનાવવાના પ્રયાસો થાય છે. લોકશાહીમાં સૌથી સશક્ત જો કોઇ હોય તો તે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મુખ્યમંત્રી કે ન્યાયમૂર્તિ નથી. પરંતુ આ બધાંને નક્કી કરનારો સામાન્ય માણસ છે એટલે કે સામાન્ય નાગરિક છે, સામાન્ય મતદાર છે. આમ છતાં એ એટલો તો બેવકૂફ અને નિર્માલ્ય પુરવાર થાય છે કે દર પાંચ વર્ષે આ પક્ષો અને ઉમેદવારો તેને બિચારો-બાપડો ઠેરવી તેના પર રાજ કર્યે જાય છે. લોકશાહીનું સત્ય તો આ છે. જે સત્યને આપણા પુરાણો કહે છે તેમ જાતભાતનાં સોનાથી ઢાંકી દેવામાં આવે છે!

અમેરિકામાં બેઠા બેઠાં મિલન વૈષ્ણવ નામનો એક ભારતીય નાગરિક છેલ્લાં ઘણાં વર્ષોથી ભારતની ચૂંટણી વિશે રજેરજ માહિતી એકટી કર્યા કરે છે જેમાંનું ચોંકાવનારૂં તારણ એ છે કે ઉમેદવાર જેટલો મોટો ગૂંડો તેટલી તેની ચૂંટાવાની સંભાવના વધી જાય છે; એવું ચૂંટણીના મતદાનનાંઆંકડાઓમાંથી ફલીત થાય છે. આવી લોકશાહી આપણે ચાલવતા હોઇએ ત્યાં એની પ્રજાને શું કહીશું? ૧૯૭૦ ના દાયકા સુધી એવું હતું કે આવા અસામાજિક તત્ત્વો પક્ષો માટે પૈસા વેરતા હતા, દારૂ વહેંચતા હતા અને મતપેટી ઉઠાવી જતા હતા. હવે ભારતીય સમાજે એવો વિકાસ સાધ્યો છે કે આ બધા પડદા પાછળની રમતોમાંથી ચૂંટણીપંચ પર આવી ગયા છે. પક્ષો તેમને ઉમેદવાર બનાવે છે અને મતદારો તેમને ચૂંટી કાઢે છે. બધે બધું નિયમસરનું થાય છે. ભારતની આવી ચૂંટણીને બરાબર નિહાળવા વિશ્વના ૧૨૮ દેશોમાં પત્રકારો ભારતમાં ઉતરી પડ્યા છે!

## સમાચાર ઝલક

- બનાસકાંઠા જિલ્લામાં મોડી રાત્રે અને વહેલી સવારના ટ્યુશનો પર પ્રતિબંધ.
- ભારતીય જનતા પાર્ટીનો ૩૪મો સ્થાપના દિન ઉજવાયો.
- મલેશિયન વિમાનનું બ્લેક બોક્સ મળવાનાં સંકેત.
- જેલમાં રહેલ કેદીઓ મતદાન કરવા પાત્ર નથી : સુપ્રીમનો આદેશ.
- ચીનમાં ભુકંપના તીવ્ર આંચકા અનુભવાયા, જાનમાલ નુકશાનનાં કોઇ અહેવાલ નથી.
- ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં બળાત્કાર કેસોમાં વધારો નોંધાયો.
- લોકસભાની ચૂંટણીમાં એક્ઝીટ પોલ પર પ્રતિબંધ.
- ભૂતપૂર્વ અમેરિકન રાજદુત દેવયાની ખોબ્રાગડે વિરૂદ્ધ આદર્શ કૌભાંડમાં કેસ નોંધાશે.
- પ્રથમ તબક્કાની ચૂંટણીના પડઘમ શાંત થયા, પૂર્વોત્તરમાં આજે મતદાન થશે.
- ફતેહપુરની બેઠકમાં એક ઉમેદવારે હું ચોર છું એમ કહી ઉમેદવારી નોંધાવી.
- સમાજવાદી પાર્ટીએ ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો.
- રામોલમાં જૂથ અથડામણમાં એકનું મૃત્યુ.
- ચાંદખેડામાં કેન્દ્રિય વિદ્યાલય પર JEE ની પરીક્ષા સમયે વાલીઓનો હોબાળો.
- ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેના નિવાસસ્થાને મોડી રાત્રે ૪૦૦ બાઇક સવારોએ હંગામો મચાવતા દિલ્હી પોલીસ દ્વારા અટકાયત કરાઇ.
- નરોડામાં કેનેરા બેંકનું એટીએમ તોડવાનો પ્રયાસ થયો.
- શાંતિ મંત્રણા માટે પાકિસ્તાન ૧૩ તાલિબાનોને મુક્ત કરશે.
- ઉજ્જૈનમાં કાપડની દુકાનમાં ભીષણ આગ.
- દિલ્હીની કોયલ રાણા મીસ ઇન્ડિયા-૨૦૧૪ બની.
- રાજસ્થાનમાં પકડાયેલ આતંકવાદીનું ગુજરાતમાં નેટવર્ક હોવાનું ખુલ્યું.